# INS વિરાટનું ભવ્ય પુનરાગમન





મુંબઈઃ ભારતનું એકમાત્ર વિમાનવાહક જહાજ 'આઈએનએસ વિરાટ', કોચી ખાતે આવેલા કોચીન શિપયાર્ડ લિ.ના જહાજવાડામાં આઠ મહિનાના વિશ્રામ બાદ આ મહિને ભવ્ય પુનરાગમન કરશે. આઈએનએસ વિરાટને સમારકામ માટે જહાજવાડામાં મોકલવામાં આવ્યું હતું અને હવે તે ફરી સજ્જ થઈ ગયું છે, કોચીન શિપયાર્ડ લિ.ના અધિકારીઓના જણાવવા મુજબ આને લીધે જહાજની આવરદા પણ વધી જશે.

તદુપરાંત આ વર્ષે આઈએનએસ વિરાટ તેના અસ્તિત્વનાં ૫૦ વર્ષ પણ પૂર્ણ કરી રહ્યું છે. આ જહાજ અંગેની માહિતી આપતાં સૂત્રોએ જણાવ્યું હતું કે હવે તે કમ સે કમ વર્ષ ૨૦૧૫ સુધી ભારતીય નૌકાદળને સેવા આપતું રહેશે. અન્ય વિમાનવાહક જહાજ એડ્મિરલ ગોર્શકોવની ડિલિવરી રશિયા પાસેથી ૨૦૧૨ સુધીમાં મળવાની છે.

જ્યારે એક વધુ વિમાનવાહક જહાજ કોચીન શિપયાર્ડમાં નિર્માણાધીન છે, જે ભારતનું સર્વપ્રથમ દેશમાં બનાવાયેલું વિમાનવાહક બની રહેશે તથા જેનો નૌકાદળના કાફલામાં ૨૦૧૫માં સમાવેશ કરવામાં આવશે.

આ ૨૮,૦૦૦ ટન વજન ધરાવતા વિમાનવાહક જહાજ અંગે માહિતી આપતાં એક અધિકારીએ જણાવ્યું હતું કે તેમાં અત્યાધુનિક એવી નેવિગેશન રડાર, ડેક-લૅન્ડિંગ ઍઈડ્સ તેમ જ અદ્યતન ફાયર કંટ્રોલ સિસ્ટમો બેસાડવામાં આવી છે. આ જહાજ ડઝનથી વધુ દરિયાઈ લડાયક વિમાનો લઈ જવા સુસજ્જ હોવાથી હવે દરિયામાં પણ હવાઈ થાણું બનાવી શકાશે.

આઈએનએસ વિરાટ મુંબઈમાં આવી પહોંચ્યું હોઈ તેને હાલમાં વેસ્ટર્ન નૅવલ કમાન્ડના અખત્યાર હેઠળ રખાયું છે તે ૧૯૫૯માં એચએમએસ હર્મીસ તરીકે શાહી નૌકાદળમાં કાર્યાન્વિત કરાયું હતું તથા તેની સેવા દરમિયાન વિરાટે ૧૯૮૨માં ફૉકલૅન્ડ ટાપુઓની ઝુંબેશમાં ભાગ લીધો હતો. ૧૯૮૫માં તેને શાહી નૌકાદળમાંથી છૂટું કરવામાં આવ્યું હતું. ભારતે એપ્રિલ, ૧૯૮૬માં વિસ્તૃત સમારકામ બાદ તેને ડેવનપોર્ટ ડૉકયાર્ડ પાસેથી ખરીદ્યું હતું. જ્યારે સપ્ટેમ્બર, ૧૯૯૩માં તેના એન્જિન રૂમમાં પાણી ભરાયાં બાદ, તેને સેવામુક્ત કરાયું હતું અને ૧૯૯૫માં ફરી સેવામાં લેવાયું હતું.

વિરાટનું બીજું સમારકામ ૧૯૯૯-૨૦૦૧માં કરવામાં આવ્યું હતું, જેમાં અન્ય સિસ્ટમ્સની સાથોસાથ તેની પ્રોપલ્સન સિસ્ટમને આધુનિક બનાવાઈ હતી. જ્યારે ત્રીજું સમારકામ ૨૦૦૩-'૦૪માં કરવામાં આવ્યું હતું.

# ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી આયોજીત ૧૨મા રાષ્ટ્રીય ફોટોગ્રાફી સ્પર્ધા ૨૦૦૮-૨૦૦૯ના વિજેતાઓ

**કલા દર્શન**

**પ્રતાપસિંહ જાડેજા**

ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી દ્વારા ૧૨મી રાષ્ટ્રીય તસવીર સ્પર્ધા યોજાઇ હતી. જેનો વિષય હતો INDIAN TRIBAL LIFE. આ સ્પર્ધામાં દેશના ૧૨ રાજ્યોના ૩૨૩ તસવીરકારોએ કુલ ૧૩૫૬ (રંગીન) અને ૬૯૫ (મોનોક્રોમ) તસવીરો રજૂ કરેલી. જેમાંથી પસંદ કરેલી ૧૦૭ તસવીરો તાજેતરમાં અમદાવાદ રવિશંકર રાવલ કલાભવનમાં પ્રદર્શિત કરાઇ હતી. આ સ્પર્ધામાં ઇનામો મેળવનારની તસવીરની યાદી આ પ્રમાણે છે. કૌંસમાં તસવીરકાર-તેનું રાજ્યનું નામ છે.

* રંગીન તસવીરોનો વિભાગ :

પ્રથમ ઇનામ- રૂ. ૧૦,૦૦૦/- એન્કરર (સમાજપતિ પ્રણવેન્દુ- કોલકાટા-પ.બં.)

બીજું ઇનામ- રૂ. ૭,૦૦૦/- અર્લી બર્ડઝ (વી.આર. જયચંદ્રન- કેરાલા)

ત્રીજું ઇનામ- રૂ. ૫,૦૦૦/- -અધિકારી અરીંદમ-કોલકાટા-પ.બં.)

પાંચ આશ્વાસન ઇનામો (દરેકને રૂ. ૧૦૦૦/-)ની યાદી આ પ્રમાણે છે.

પ્રણામ (પાર્થ સારથી- કોલકાતા)

ગૌરી (સોની અંબુજ કૈલાસ- દેવાસ- મ.પ્ર.)

સીક્રેટ વીધઇન ધ વેલ્સ (મોહિતે સમીર મધુકર-મુંબઇ-મહારાષ્ટ્ર)

શેરપ્લીઝ (મુખરજી સાકેત એન.- રાણાઘાટ-પ.બં.)

ગોડવા ટ્રાઇલ (પી.વી. સુરેન્દ્રરાવ- વિજયવાડા-આં.પ્ર.)

* મોનોક્રોમ પ્રીન્ટ વિભાગ :

પ્રથમ ઇનામ- રૂ. ૧૦,૦૦૦/- કેટલ ગર્લ) (મૈલુલા રવીન્દ્રનાથ- વિજયવાડા- આં.પ્ર.)

બીજું ઇનામ- રૂ. ૭,૦૦૦/- નો શાય- (શ્રી નિવાસ રેડી- (વિજયવાડા-આં.પ્ર.)



ત્રીજું ઇનામ રૂ. ૫૦૦૦/- પીપીંગ ટોમ (મુખરજી સંદિપન- કોલકાટા- પ.બં.)

પાંચ આશ્વાસન ઇનામો (દરેકને રૂ. ૧૦૦૦/-)ની યાદી આ પ્રમાણે છે.

એઇજડ ફસાહા રામક્રિશ્ના પી. ૨૪ પરગણા-પ.બં.)

એ ટ્રાઇબલ ડાન્સીંગ પરફોર્મન્સ. (રાજપૂત બનવારી આર. અમદાવાદ-ગુજરાત)

લોનલી. (સી. નારાયણ રાવ- વિજયવાડા- આં.પ્ર.)

ડોન્ટ ડિસ્ટર્બ (દાસ શ્યામલ એસ. કોલકાતા-પ.બં.)

કંપોજીસન ઓફ લાઇફ-૧ (પિયૂષ પટેલ- વડોદરા- ગુજરાત)

આ રાષ્ટ્રીય કક્ષાની તસવીર સ્પર્ધામાં માનદ નિર્ણાયકો તરીકે ગુજરાતના જાણીતા તસવીરકારો સર્વશ્રી આનંદ પટેલ અને કલ્યાણ શાહે સેવા આપી હતી. આ સાથે મોનોક્રોમ વિભાગમાં રૂ. ૧૦,૦૦૦નું પ્રથમ ઇનામ મેળવનાર 'કેટલ ગર્લ'ની તસવીર રજૂ કરી છે.

# વડોદરાનો વિશ્વ વિક્રમમાં સમાવેશ કરવા સૌથી લાંબુ ચિત્ર તૈયાર કરાયું

**(અમારા પ્રતિનિધિ તરફથી)**

વડોદરાઃ વડોદરા મેરેથોન-૦૯ના ભાગરૂપે ટ્રાફિક જાગૃતિ અંતર્ગત ગાંધી જયંતી નિમિત્તે યુનાઈટેડ વે ગરબા મેદાન ખાતે વિશ્વનું સૌથી લાંબુ ચિત્ર તૈયાર કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મેયર સાંસદ બાળુ શુકલ, પોલીસ કમિશનર રાકેશ અસ્થાના સહિત અન્ય પદાધિકારીઓ-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાડા સાત હજાર જેટલા વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલા ચિત્રને વિશ્વ રેકોર્ડમાં સ્થાન આપવા માટે અરજી કરવામાં આવશે. એક માસ પછી ચકાસણીના અંતે સૌથી મોટા ચિત્રને માન્યતા આપવામાં આવશે. વડોદરા મહાનગર સેવા સદન હસ્તકની ૧૨૫ પ્રાથમિક શાળાઓમાંથી ૬૩૦ વિદ્યાર્થીઓ અને અન્ય ૧૫૦ શાળાઓમાંથી સાત હજાર જેટલા વિદ્યાર્થીઓ શુક્રવારની વહેલી સવારે યુનાઈટેડ વે ગરબા ગ્રાઉન્ડ ખાતે આવી પહોંચ્યા હતા. ટ્રાફિક જનજાગૃતિના શિર્ષક હેઠળ વિશ્વના સૌથી લાંબુ ચિત્ર તૈયાર કરવા માટે વિદ્યાર્થીઓને ૧૦ હજાર બ્રશ તેમજ ૧૨૦૦ થી ૧૫૦૦ લીટર કલરનો ઉપયોગ થયો હતો. સાડા ત્રણ કીલોમીટર લાંબા કેનવાસ ઉપર ચિત્ર દોરવા માટે પાંચ વિષયો સુચવવામાં આવ્યા હતા. જેમાં વડોદરાનો ટ્રાફિક ૨૦૨૦ ભવિષ્યની વાહન વ્યવહાર વ્યવસ્થા, ટ્રાફિકજામ, મારું આદર્શ ટ્રાફિક જેકશન તથા ખરાબ ટ્રાફિક વ્યવસ્થાની અસરનો સમાવેશ થાય છે. સવારના સાડા સાત કલાકે ચિત્ર દોરવાનો પ્રારંભ થયો હતો અને બે કલાકના સમયગાળાના અંતે વિશ્વનું સૌથી લાંબુ ચિત્ર તૈયાર થયું હતું. ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકર્ડમાં તેને સ્થાન મળે તે અંગેની દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે.

## મેજર રેન્કીંગ ફૂટબોલ ટૂર્નામેન્ટમાં ઝળકયા



*સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આંતર કોલેજની મેજર રેન્કિંગ ફૂટબોલ ટૂર્નામેન્ટ વિરાણી સાયન્સ એન્ડ યોગીજી મહારાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ચેમ્પિયન થઈ હતી. એફ.વાય.બી.એ.નો વિદ્યાર્થી થાપા સાગર એમ. ટૂર્નામેન્ટનો બેસ્ટ સ્ટ્રાઈકર પ્લેયર ઘોષિત થયેલ હતો. વિજેતા વિદ્યાર્થીઓ સાથે શ્રી ત્યાગવલ્લભ સ્વામી તસવીરમાં નજરે પડે છે.*

# શીશકના મિસ્ત્રી પરિવારે મૃત્યુ પછીના ક્રિયાકાંડો-રીવાજોને તિલાંજલિ આપી

## વિજ્ઞાન જાથાના કાર્યક્રમનું નવતર આયોજન કર્યું

રાજકોટઃ ગોંડલ શીશક ગામમાં મિસ્ત્રી પરિવારે પોતાના પિતાના મૃત્યુ પછીના કર્મકાંડ-ક્રિયાકાંડો-રીવાજોને તિલાંજલિ આપી સમાજને પ્રેરણા આપવા જ્ઞાતિ સમાજ, ગ્રામજનોમાં અંધશ્રધ્ધા નિવારણાર્થે ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો જનજાગૃતિ કાર્યક્રમ તા. ૭મી ઓકટોબર બુધવાર રાત્રીના આઠ વાગે આયોજન કરવામાં આવ્યું છે.

ગામના ભુપતભાઇ, કિશોરભાઇ, પ્રવીણભાઇ, કાળુભાઇ પન્નારાના પિતા શાંતિલાલ રાઘવજીભાઇનું અવસાન તા. ૨જી ઓકટોબરે થયું છે. મૃત્યુ પછીના શોક દિવસો, વિધિ-વિધાન, પાઠ, કર્મકાંડ ક્રિયાકાંડો નિરર્થક આર્થિક નુકસાનકારક, માનસિક પછાતતાના રીવાજોને ફેંકી તિલાંજલી આપવાનો સામૂહિક નિર્ણય કરવામાં આવ્યો છે. જીવતા જ ઇચ્છાની પૂર્તિ કરેલ હોય અને ક્રિયાકાંડો દુઃખદાયક હોય પરિવારે જાથાના કાર્યક્રમનું નવતર આયોજન કર્યું છે.

'જાથા'ના રાજય ચેરમેન જયંત પંડયા મિસ્ત્રી પરિવારના નિર્ણયને વધાવી ભારતના લોકોને કર્મકાંડ- ક્રિયાકાંડોથી અધોગતિ મળી છે તેની વિસ્તૃત છણાવટ કરી પરિવારના વિકાસ સાથે જ્ઞાન-વિજ્ઞાન કાર્યક્રમમાં વ્હેમ, અંધશ્રધ્ધા, ચમત્કારો, પિતૃ, સુરાપુરા, લેભાગુ ભુવાઓની ચુંગલમાંથી છૂટવા વૈજ્ઞાનિક સમજ આપશે.

# ધોરાજીમાં ફકીર લંગર ન્યાઝ કમિટી



*ધોરાજીમાં હઝરત લાલશાહ બાવાના ઉર્સમાં છેલ્લા ૫૦ વર્ષથી હિન્દુ -મુસ્લિમ સમાજના ભાઈઓ દ્વારા કોમી એકતાના દર્શન કરાવતું એક માત્ર ફકીર લંગર ન્યાઝ કમિટી.*

## લંગરમાં હિન્દુભાઇઓ પણ પ્રસાદ લે છેઃ છેલ્લા ૫૦ વર્ષથી માત્ર વેજીટેરીઅન લંગર ચાલે છે

ધોરાજીઃ ધોરાજીઃ હઝરત લાલશાહ બાવાનો ઉર્સ એટલે હિન્દુ- મુસ્લિમ કોમી એકતાનો ઉર્ષ ગણવામાં આવે છે. દરરોજ મોટી સંખ્યામાં લોકો લાલશાહ બાવાની દરગાહ ખાતે દર્શને આવે છે. ત્યારે છેલ્લા ૫૦ વર્ષથી એક ધારી સેવા આપતી સંસ્થા એટલે ફકીર લંગર ન્યાઝ કમિટીનું લાલોકે લાલનું (વેજીટેરીયન) શાકાહારી લંગર જે હિન્દુ- મુસ્લિમની કોમી એકતાના દર્શન કરાવે છે.

ધોરાજીમાં છેલ્લા ૫૦ વર્ષથી હઝરત સૈયદના લાલશાહ બાવાની દરગાહ શરીફ ખાતે કુબાસા બાપુના હયાતીના સમય અને ગફાર બાપુ કલારીયાવાળાના સમયથી લંગરનું સંચાલન કરતી એક માત્ર સંસ્થા એટલે ધોરાજી ફકીર લંગર ન્યાઝ કમિટી આ લંગર કમિટીમાં હનીફભાઇ માજોઠી અને ધોરાજીના વેપારી અગ્રણી લાલુભાઇ સિંધીનો મહત્ત્વનો ફાળો છે.

હિન્દુ-મુસ્લિમ સમાજના બન્ને આગેવાન કાર્યકર્તાઓની જહેમતથી ચાલતા લંગરમાં નોંધ પાત્ર બાબત એ છે કે આ લંગરમાં ઉર્સના ૪ દિવસ સુધી બહોળી સંખ્યામાં હિન્દુ અને મુસ્લિમ બિરાદરો આ ન્યાઝમાં લાભ લ્યે છે. આ લંગરમાં કોઇપણ જાતનો ફંડ ફાળો કરવામાં આવતો નથી. લાલશાબાવાના હસ્તક જે કાઇ ચીજ વસ્તુઓ આપવાની હોય તે લંગરમાં આવીને રૂબરૂ આપી જાય છે.

# રાજકોટ શહેરની CBSE માન્યતા ધરાવતી વધુ એક શાળાઃ સર્વોદય શાળા

રાજકોટઃ સર્વોદય એજ્યુકેશનલ નેટવર્ક કે.જી.થી પી.જી. સુધીનું શિક્ષણ આપતી સંસ્થા છે, જે રાજકોટમાં ગોંડલ રોડ, ઉપર આવેલ પી.ડી.એમ. કોલેજ કેમ્પસમાં છે.

સર્વોદય શાળાની સ્થાપના આજથી ૧૪ વર્ષ પૂર્વે તજજ્ઞ શિક્ષક એવા ભરતભાઇ એમ. ગાજીપરા દ્વારા થઇ હતી. શાળા સ્થાપનાનો ઉદ્દેશ એક એવી શિક્ષણ વ્યવસ્થા સ્થાપવાનો હતો, જેનાથી એક એવા ગુણવત્તાસભર નાગરિકનું ઘડતર થાય કે આજે ૧૪ વર્ષો પછી સર્વોદય શાળા- સર્વોદય એજ્યુકેશન નેટવર્ક' જેવા નિશાળ વટવૃક્ષમાં પરિણામી છે.

સર્વોદય એજ્યુકેશનલ નેટવર્કમાં કે.જી.માં અભ્યાસ કરતા બાળકો માટે તેઓ શાળા ભિમુખ થાય તેની મનોરંજક અભ્યાસ પદ્ધતિઓ અપનાવાય છે. તેઓને શાળાએ આવવું ગમે તેવા વાતાવરણનું નિર્માણ કરાયું છે.

ધોરણ ૧ થી ૯ માં વિશેષ શિક્ષણ પદ્ધતિઓ અપનાવી શિક્ષણ અપાય છે. વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે અભ્યાસક્રમની સાથે સાથે ઇતર પ્રવૃતિઓ જેમ કે, સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને સામાજિક પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે.

ધોરણ ૧૦ અને ૧૨ કોમર્સમાં વિદ્યાર્થીઓ ઇચ્છિત કારકિર્દી ઘડી શકે તે માટે સતત અભ્યાસ પ્રવૃતિ દ્વારા ભારવિહીન અભિગમ દ્વારા શિક્ષણ અપાય છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પણ વિદ્યાર્થીઓ માટે સુવિધાઓથી સજ્જ એરકંડીશન વર્ગખંડો અને અદ્યતન કેમેસ્ટ્રી, ફીઝીકલ, બાયોલોજીની પ્રયોગશાળાઓની વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક વિદ્યાર્થીને પર્સનલ લેપટોપથી કોમ્પ્યુટર શિક્ષણ અપાય છે.

સર્વોદય એજ્યુકેશનલ નેટવર્ક દ્વારા બી.સી.એ. અને પી.જી.ડી.સી.એ. કોમ્પ્યુટર સાયન્સ કોલેજનું સંચાલન પણ કરવામાં આવે છે, જેથી નેટવર્કમાં અભ્યાસ કરતા બાળકને કે.જી.થી પી.જી. સુધીમાં શિક્ષણ એક જ જગ્યાએ મળી રહે.

સર્વોદય એજ્યુકેશનલ નેટવર્ક દ્વારા ધો.૧ થી ૧૨ના વિદ્યાર્થીઓ આધુનિક અભિગમ કેળવી શિક્ષા મેળવે તે માટે વિશ્વસ્તરના એજ્યુકોમ સોફટવરની સુવિધા ઉભી કરાઇ છે.

કુલ ૧૦,૦૦૦ વારના પરિસરમાં ચાલતી અંગ્રેજી માધ્યમની CBSE બોર્ડ શાળા એક નવું સોપાન છે. જેમાં કે.જી. થી ધોરણ ૧૦ સુધીનું શિક્ષણ તજજ્ઞ શિક્ષકો દ્વારા અપાય છે. વિદ્યાર્થીઓ શારીરિક કૌશલ્યો કેળવે તે માટે વિશાળ મેદાન પણ છે. ભારત એક કૃષિ પ્રધાન દેશ છે તે બાબતને ધ્યાનમાં રાખી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ખેતી વિષયક અભ્યાસ પણ કરી શકે તે હેતુથી સર્વોદય ફાર્મ હાઉસના નામે અદ્યતન ઓર્ગેનિક ફાર્મની સ્થાપના કરી તેમાં ગાય આધારિત ખેતી કરાય છે.

વિદ્યાર્થીઓ સર્વોદય ફાર્મ ખાતે ગૌમૂત્ર તેમજ છાણ દ્વારા થતી ઓર્ગેનિક ખેતી, ઓછા પાણી દ્વારા વધુ ઉત્પાદન, ઓછી જગ્યામાં વધુ ઉત્પાદન, જેવી બાબતોનો ઝીણવટ ભર્યો પ્રત્યક્ષ અભ્યાસ કરી જાણકારી મેળવે છે. તે ઉપરાંત ગીર ગાયના ઉત્પાદનો જેવા કે ગાયનું દૂધ, દહીં, છાશ, માખણ, ઘી, ગૌમૂત્ર વિગેરેનું તંદુરસ્ત જીવન માટેનું મહત્વ તેમજ સમજણ પણ કેળવે છે.

# પ્રતિભાવ

## નવરાત્રી કે લવરાત્રી?

તા. ૨૪-૯ની 'રાજકોટની રફતાર' પૂર્તિ વાંચી. માતાજીના નવલા નોરતા પ્રસંગે અર્વાચીન રાસોત્સવમાં યુવાધન હિલોળે ચડયું છે. તાલીઓના તાલે અને ઢોલના ધબકારે ખેલૈયાઓ નાચવામાં લીન છે ત્યારે જોમ અને જુસ્સાથી રમી રહેલા ખેલૈયાઓની તસવીરી ઝલક નિહાળી મનને આનંદ થયો. માની ભક્તિમાં યુવાધન લીન થાય એ સારું છે, પરંતુ...પરંતુ 'નવરાત્રિ કે લવરાત્રિ?' વિશે પ્રશાંત બક્ષીનો લેખ વાંચી સહુ સંસ્કારીજનોના હૈયાને સ્વાભાવિક દુઃખ થાય. ભક્તિના પર્વને ભોગવિલાસનું પર્વ બનાવવા આવા યુવાધનને કોણ સમજાવશે કે આમાં તો ભારતીય સંસ્કૃતિ લજવાય છે.

**(ગોંડલ) ધીરજલાલ બુદ્ધદેવ**

## માયાળુ માનવી ગોરધનભાઈ

તા. ૨૯-૯ની 'રફતાર' પૂર્તિમાં ઔદ્યોગિક ક્ષેત્રે ક્રાંતિ સર્જનાર માયાળુ માનવી ગોરધનભાઈ વાઘેલાના જીવન વિશે દેવેન્દ્ર દવેનો લેખ વાંચ્યો. એડવાન્સ ટેકનોલોજીના સથવારે શીટ મેટલ મશિનરીથી 'વેલડોર'નું આગવું નામ ઉભું કરી તેમણે અનેરી ઓળખ સર્જી હતી.

**(ગોંડલ) ધીરજલાલ બુદ્ધદેવ**

(પહેલા પાનાથી ચાલુ)

## નવી પેઢીની ખુશબૂ

ફેક્ટરી ધમધમે છે ત્યાં હમણાં મોટા ફેરફાર થઈ રહ્યા છે. આસપાસની જગ્યામાં ડિમોલિશન કરી નવો પ્લાન્ટ નખાઈ રહ્યો છે. ખુશબૂ દોશી (મોનાણી)એ એક સારી વાત કરી કે, રાજુ એન્જિનીયર્સનો જે નવો પ્લાન્ટ બનવા જઈ રહ્યો છે તેમાં ગ્રીન બેલ્ટ કન્સેપ્ટ મુકાશે. બને એટલું પ્રદૂષણ ઓછું થાય અને વધારે વૃક્ષો વવાય તેવા પ્રયાસો થશે. આ કંપની માત્ર કોર્પોરેટ સેક્ટરમાં જ સક્રિય છે એવું નથી, નાનું મોટું સામાજિક કાર્યોમાં પણ પ્રદાન છે. કારખાને દર બુધવારે રજા હોય ત્યારે મહિનાના એક બુધવારે ગરીબ બાળકોને દૂધ, નાસ્તો આપવા. રાજુભાઈના જન્મ દિવસે એજ્યુકેશન સહિતની મદદ કરવી, એવી પ્રવૃતિઓ પણ આ કંપની કરે છે. આ કંપની જ્યારે શરૂ થઈ ત્યારે કે.પી.અઘેરા અને જે.પી. અઘેરાએ કંપનીને ટેકનિકલી સાઉન્ડ બનાવી. એમની પેઢી જયદીપ અઘેરા, હિતેશ અઘેરા અને મિતેશ અઘેરા પણ માર્કેટિંગ અને ટેકનિકલી ક્ષેત્રમાં કામ કરી રહ્યા છે.

આમ રાજુ એન્જિનીયર્સમાં અત્યારે નવી પેઢી તૈયાર થઈ રહી છે. નવી પેઢીના હાથમાં, યંગ જનરેશનના હાથમાં દોર સોંપી દેવો એટલે જ વિકાસના વાવેતર. ખુશબૂ દોશી (મોનાણી)નું વિઝન જબરું છે. એમણે કહ્યું, આમ તો અમને બધું તૈયાર મળ્યું છે. હવે અમારી જવાબદારી એ છે કે, કંપનીને આગળ લઈ જવી. અત્યારે કંપનીનું ટર્ન ઓવર ૫૦ કરોડનું ભલે હોય, પણ અમારા પ્રયત્નો રહેશે કે ૨૦૧૧ કે ૨૦૧૨માં અમારું ટર્ન ઓવર ૫૦૦ કરોડનું હશે. કંપનીએ એના સૂત્રને સાર્થક કરી શ્રેષ્ઠ કામને બીબામાં ઢાળી ઈન્ટરનેશનલ માર્કેટમાં પોતાનું નામ કરી બતાવ્યું, કામ કરી બતાવ્યું...રાજુ એન્જિનીયર્સ એકસલેન્સ ઈન એક્સટ્રુશન. (રાજુ એન્જિનિયર્સનો સંપર્ક નંબર : (૦૨૮૨૭) ૨૫૨૭૦૧-૭)

## હાર્ટના ડોકટર

મસાજ કર્યુ. ત્યારે તેના બંધ હૃદયમાં કાંઈક રીધમ આવી. મેં તેમની હાલત જોઈ પૂછયાં વિના જ એન્જીયોગ્રાફી માટે શિફટ કર્યા તે પહેલા ન્યૂરો ફિઝિશ્યન ડો. અભિષેક શ્રીવાસ્તવને મે બોલાવ્યા. એ કમિશનરને વાય આવવાની બીમારી પણ હતી એટલે ડો. અભિષેકે તપાસી કહ્યું આ તો બ્રેઈન ડેડ છે તમે ઓપરેશન ન કરો. તેમ છતાં મેં રીસ્ક લઈ તેને બચાવવા એન્જીયોગ્રાફી કરી અને હૃદયની મુખ્ય નસમાં એન્જીયોપ્લાસ્ટી કરી. બપોરના ઓપરેશન પૂર્ણ થયું. રાતનાં જ્યારે તે એકસાઈઝ કમિશનર ભાનમાં આવ્યા ત્યારે મને ડોકટર બનાવવા માટે મેં ઈશ્વરનો મનોમન આભાર માન્યો. આજે તે એકસાઈઝ કમિશનર એકદમ સ્વસ્થ છે !

તબીબોના પ્રોફેશનમાં અને તેમાંય દિલ સાથે નાતો ધરાવતા ડોકટરોમાં મેન્ટલી સ્ટ્રેસનું પ્રમાણ ખૂબ જ રહે છે. ડો. અજય પાટીલ સ્ટ્રેસ મેનેજ કરવા માઈન્ડ ફીટ રાખે છે. તેઓ કહે છે, લોકોને હાર્ટની કે કોઈ અન્ય બીમારીની જાણ થાય કે તુરત જ સ્ટ્રેસનો ભોગ બને છે. પરિણામે એકાએક યોગ કે કસરત શરૂ કરી દે છે આમ કરવાથી રોગ કે સ્ટ્રેસ દૂર નથી થવાનાં. હું હંમેશાં સ્ટ્રેસ મેનેજ કરવા કામમાં સેટીસફાઈ એટલે કે સંતોષી રહું છું. ઉપરાંત દર્દીઓ પ્રત્યેનું વલણ હંમેશા પ્રોઝીટીવ રાખું છું. જેથી સ્ટ્રેસ ૫૦ ટકા હળવો થઈ જાય છે અને ખાસ તો મેડીટેશન અને લાઈફમાં બેલેન્સીંગ કરવાથી માનસિક થાક આપોઆપ હળવો થઈ જાય છે. સાથોસાથ ગોલ્ફ જેવી રમતો અને સંગીતથી બધાજ પ્રકારનો સ્ટ્રેસ દૂર થાય છે. જ્યારે ડો. મૃદુલ શર્મા કહે છે, સ્ટ્રેસ મેનેજ કરવા હું મારા નામ મુજબ એટલે કે હંમેશા મૃદુ સ્વભાવ રાખું છું. સ્ટ્રેસને બેલેન્સ કરવું પડે છે. જો કોઈ ખરાબ સમય આવે તો પણ હકારાત્મક અભિગમ રાખું છું. એ ઉપરાંત બાળકો સાથે રમવું, ટ્રાવેલિંગ, ફોટોગ્રાફી અને ક્રિકેટ જેવી ગેઈમ મને સ્ટ્રેસ મેનેજ કરવામાં ખૂબજ મદદ કરે છે. એટલું જ નહિ હું દરરોજ હોસ્પિટલથી આવી અડધો કલાક આંખો બંધ કરી સુઈ રહુ છું જેથી મને માનસિક શાંતિ મળે છે.

હૃદયરોગના દર્દીઓની વધતી સંખ્યાને લઈ ચિંતા વ્યકત કરતા બંને તબીબોએ જણાવ્યું કે, હાર્ટની તકલીફનો ખ્યાલ આવતા જ દર્દીઓ ડાયટ, કસરત વગેરેનો અતિરેક કરે છે ગુટકા, સ્મોકિંગ, તેલ અને જીનેટીક પ્રમાણથી યંગ જનરેશન પણ હૃદયરોગનો શિકાર બને છે. આ માટે પહેલા તો તમામ વ્યસનોને સંપૂર્ણ તીલાંજલી આપવી, તળેલી વાનગીઓનો નહિવત ઉપયોગ, નિયમિત વોકિંગ, ૩૦-૪૦ મીનીટ કસરત, દવાઓ બંધ ન કરવી નિયમિત લેવી, મેડિટેશન, ટેન્સન ન કરવું, યોગ્ય ડાયટ અને ખાસ તો લાઈફમાં બેલેન્સીંગ કરી કામ કરવામાં આવે તો દિલને લાંબો સમય કોઈપણ ખામી વિના ધબકતું રાખી શકાય છે.

ભવિષ્યમાં લોકોમાં હૃદયરોગ વિશે જાગૃતિ લાવવાનું, ટેકનોલોજીમાં ઈમ્પ્રુવમેન્ટ કરી અહિં પણ કિ-હોલ સર્જરી કરવાનું શકય બને તે માટે કામ કરતા સ્ટર્લિંગ હોસ્પિટલના ડો. અજય પાટીલ અને ડો. મૃદુલ શર્મા કહે છે, લોકોનું સ્વાસ્થ્ય તેના હાથમાં જ છે. નિયમિત હાર્ટ ચેકઅપ અને હૃદયની સંભાળ લેવામાં આવે તો તમારું હાર્ટ હંમેશા તમને હેપ્પી રાખશે.

(છેલ્લા પાનાથી ચાલુ)

## રીઝ્યુમ

ત્યાં સુધી બાયોડેટાનો જ દબદબો હતો. બાયોડેટામાં સામાન્ય રીતે અંગત વિગતો જેવી કે જન્મતારીખ, ધર્મ, જાતિ, રાષ્ટ્રીયતા, નિવાસ સ્થાન, વૈવાહિક દરજ્જો વગેરેને વધારે મહત્વ અપાય છે. પછી ચડતા ક્રમમાં શૈક્ષણિક લાયકાત અને અનુભવનો સમાવેશ થાય છે.

રીઝ્યુમમાં જેને સૌથી વધુ મહત્ત્વ આપવામાં આવે છે તેવી લક્ષિત નોકરી માટેની વિશિષ્ટ કુશળતાનો બાયોડેટામાં કાં તો છેક છેલ્લે ઉલ્લેખ કરાય છે અને મોટેભાગે તો ઉલ્લેખ જ નથી થતો. બાયોડેટાની સાથે કંપનીએ સૂચવેલા નિયત નમૂનાની અરજી જોડવાની રહે છે.

સામાન્ય રીતે મધ્યમ કે સીનીયર કક્ષાની નોકરીઓમાં કે જ્યાં શૈક્ષણિક લાયકાત કરતા અનુભવ અને વિશિષ્ટ લાયકાતનું મહત્ત્વ વધુ હોય છે. ત્યાં રીઝ્યુમ સૌથી વધુ યોગ્ય છે, જ્યારે સી.વી. એવા લોકો માટે છે કે જેઓ તાજા જ ગ્રેજ્યુએટ થયા હોય અથવા તો કારકિર્દીમાં બદલાવ ઇચ્છતા હોય કે પછી શિક્ષણ વિષયક જગ્યાઓ માટે અરજી કરતા હોય. આપણે ત્યાં સરકારી નોકરીઓમાં અથવા તો રીસર્ચ ગ્રાંટ માટેની અરજીઓ માટે બાયોડેટાનો જ મુખ્યત્વે ઉપયોગ થાય છે.

ઉંમર, જાતિ, ધર્મ કે શોખ જેવી વ્યક્તિગત માહિતીનો રીઝ્યુમમાં કયારેય સમાવેશ કરવાનો હોતો નથી. સી.વી.માં કેટલાક લોકો તેનો સમાવેશ કરે છે. જો કે આંતરરાષ્ટ્રીય ધોરણો પ્રમાણે સી.વી.માં તેની જરૂર પણ નથી અને તેને ધ્યાનમાં પણ લેવાતું નથી. જો કે બાયોડેટામાં આ બધી જ બાબતોનો સમાવેશ અનિવાર્ય છે.

લગભગ એકસરખા અર્થના લાગતા અને મોટેભાગે એકસરખા અર્થમાં જ વપરાતા આ ત્રણે શબ્દોનો ભેદ પારખીને અરજી કરીએ તો આપણા વ્યક્તિત્વની યોગ્ય લેખિત અભિવ્યક્તિને કારણે નવી કારકિર્દીની દિશા અચૂક ખુલશે.

## ચિત્ર-વિચિત્ર

માટે રૂ. ૨૧૮૬૦/- આવી જ પરિસ્થિતિ સરકારી કોલેજો માટે છે. ૪૦૦ સરકારી કોલેજોને ૨૦૦૮/૦૯માં રૂ. ૧૧૮ કરોડ ફાળવેલા જેમાં પછીના વરસે રૂ. ૩૧ કરોડનો વધારો કરેલો. ૨૦૦૮માં સરકારે અલીઆહ યુનિવર્સિટીની સ્થાપના કરી. જેમાં ૨૦૦૯માં ફક્ત ૧૭૦ વિદ્યાર્થીઓ હતા. હવે આ યુનિવર્સિટી સાયન્સ, એન્જીનીઅરીંગ અને મેનેજમેન્ટના કોર્સ શરૂ કરશે અને સરકાર ઉદારતાથી ફંડ પુરુ પાડશે.

**(૭) મુસ્લિમોની વસ્તી :**

૨૦૦૮માં વિશ્વની વસ્તી આશરે ૬૫૦ કરોડ હતી. તેના ૨૦ ટકા એટલે કે આશરે ૧૩૦ કરોડ મુસ્લિમો છે. મુસ્લિમો સમગ્ર વિશ્વમાં ફેલાએલ છે પણ ૫૦ દેશોમાં તેમની બહુમતી છે. અધિક સંખ્યામાં મુસ્લિમ વસ્તી ધરાવતા થોડા દેશોના નામ અને સંખ્યા (કરોડમાં)

| | | | |
|---|---|---|---|
| **ઇન્ડોનેશિઆ** | ૨૦.૪ | **પાકિસ્તાન** | ૧૬.૪ |
| **ભારત** | ૧૫.૪ | **બાંગ્લાદેશ** | ૧૨.૮ |
| **ટર્કી** | ૭.૬ | **ઇજીપ્ત** | ૭.૪ |
| **નાઇજીરીઆ** | ૭.૩ | **ઇરાન** | ૬.૫ |
| **મોરોક્કો** | ૩.૪ | **અલ્જીરીઆ** | ૩.૩ |
| **અફઘાનિસ્તાન** | ૩.૨ | **સાઉદી અરબીઆ** | ૨.૮ |
| **ચીન** | ૨.૭ | **ઇરાક** | ૨.૭ |

**(૮) પાકિસ્તાન-ટર્કી રેલવે :**

એશિઆના દેશો વચ્ચેના વાહનવ્યવહારને નવું જ પરિમાણ આપે તેવા નોંધપાત્ર સમાચારની ભાગ્યે જ નોંધ લેવામાં આવી છે. ઓગસ્ટના બીજા અઠવાડિયામાં પાકિસ્તાનથી ટર્કી ૨૦ કન્ટેનર ભરીને ટ્રેઇન રવાના થઇ. ૧૪ કન્ટેનર ઇરાનના તહેરાનમાં ઉતારવાના હતા અને બાકીના ઇસ્તંબુલમાં ૬૫૦૦ કિલોમીટરનું અંતર આ ટ્રેઇન ૧૪ દિવસમાં પૂરું કરવાની હતી. આ ટ્રેઇનનો આ ટ્રાયલ રન હતો. પાકિસ્તાન અને ભારતમાં સમાન ગેજની રેલવે હોવાથી આપણે પણ આ મહત્ત્વાકાંક્ષી યોજનામાં ભાગ લઇ શકીએ- જો પાકિસ્તાન અવરોધ ઉભા ન કરે તો.

**(૯) પ્રજાના પૈસાનું પાણી :**

દેશના બધા રાજ્યો વિદ્યુત પુરવઠાની તંગી અનુભવી રહ્યા છે ત્યારે ૫૦૦૦ મેગાવોટની ક્ષમતા ધરાવતા પાવર પ્લાન્ટ ગેસના અભાવે બંધ છે તે જાણીએ ત્યારે આઘાત લાગ્યા વગર ન રહે. આ બધા પ્લાન્ટમાં આશરે રૂ. ૨૦.૦૦૦ કરોડનું રોકાણ થયું છે. કંઇ વળતર નથી મળતું પણ જે તે રાજ્યના વિદ્યુતબોર્ડ 'ફીકસ્ડ કોસ્ટ'ના નામે દર વરસે રૂ. ૩૫૦૦ કરોડની ખોટ ઉધારે છે. વિદ્યુત ન મળવાથી ઉદ્યોગ અને ખેતીને થયેલ નૂકસાન જુદું.

રીલાયન્સનો ગેસ પુરવઠો ચાલુ થયો હોવાથી હવે આ પ્લાન્ટ ચાલુ થઇ જશે પરંતુ અક્ષમ્ય બેદરકારી બદલ કોઇની જવાબદારી નક્કી નહીં થાય અને કોઇને સજા પણ નહીં થાય.

**(૧૦) ''ઐતિહાસિક સુધારો'' :**

અગીયારમી પંચવર્ષીય યોજનાના અઢી વરસ પુરા થયા છે. આ સમયગાળામાં થયેલ કામની સમીક્ષા કરવા અલગ અલગ વિષયો માટે સલાહકાર સમિતિઓ બનાવવામાં આવી છે. મહારાષ્ટ્રના નરેન્દ્ર જાધવ પ્લાનીંગ કમીશનના સભ્ય છે. તેમના હોદ્દાની રૂએ છ સલાહકાર સમિતિઓમાં ફક્ત મહારાષ્ટ્રીઅનોની નિમણૂક કરી છે. પત્રકાર પરિષદમાં તેમણે જાહેર કર્યું કે મહારાષ્ટ્રમાં સક્ષમ નિષ્ણાતો હોવા છતાં તેમની આવડતનો લાભ લેવામાં આવતો ન હતો. સલાહકાર સમિતિમાં આ નિષ્ણાતોને સ્થાન આપી ઐતિહાસિક ભૂલ સુધારવામાં આવી છે.

આ નિષ્ણાતોની ભલામણોને ૨૦૧૦-૧૧ના બજેટમાં સ્થાન મળશે. સ્વાભાવિક છે કે તેમની ભલામણો મહારાષ્ટ્રની તરફેણ કરે તેવી જ હશે.

સમિતિમાં જે રાજ્યોને પ્રતિનિધિત્વ ન મળ્યું હોય તેમનું શું ?